# ૧ જુલાઇ – ૨૦૧૬ (શુક્રવાર)

**(૧) નેશનલ ડોક્ટર્સ ડે :**

- ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૧ થી નેશનલ ડૉક્ટર્સ ડે મનાવવામાં આવે છે.
- ડૉ બિધાનચંદરોયની યાદમાં આ દિવસ મનાવવામાં આવે છે.
- તેમનો જન્મ ૧ જુલાઇ ૧૮૮૨ ના રોજ પટના, બિહારમાં થયો હતો
- ફિઝિશિયન અને સ્વાતંત્ર સેનાની એવા ડૉ.બી.સી.રોય પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી બન્યા હતા.
- ભારત સરકારે તેમને ૪ ફેબ્રુઆરી, ૧૯૬૧ ના રોજ ભારતના સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન એવોર્ડથી નવાજ્યા હતા.
- તેઓ રાજા રામ મોહનરાય દ્વારા સ્થાપીત બ્રહ્મો સમાજના સભ્ય પણ હતા.
- તેમનું અવસાન તેમની જન્મ તારીખ ૧ જુલાઇના રોજ વર્ષ ૧૯૬૨માં ૮૦ વર્ષની ઉમરે કોલકત્તા ખાતે થયું.

**(૨) નેશનલ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ડે :**

- ૧ જૂલાઇ, ૧૯૪૯ના રોજ ધ ઇન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટ્સ ઓફ ઇન્ડિયાની સ્થાપના થઇ હતી.
- ICAI ના સ્થાપના વર્ષને લઇને દર વર્ષે ૧ જૂલાઇએ સી.એ.ડે. ઉજવાય છે.

**(૩) રાજેશ અગ્રવાલ :**

- મધ્યપ્રદેશના ઇન્દોરમાં જન્મેલા ઉધોગપતિ રાજેશ અગ્રવાલ લંડનના ડેપ્યુટી મેયર બન્યા.
- પાક. મૂળના સાદિકખાન લંડનના મેરય પદે છે.

**(૪) માઇકલ ફેલ્પ્સ – અમેરિકન સ્વિમર :**

- અમેરિકન સ્વિમર માઇકલ હેલપ્સે ૨૦૦ મીટર બટરફલાય સ્પર્ધા જીતીને રિયો ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરી લીધું.
- આ સાથે ફેલ્પસ એ સતત પાંચમી વખત ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરી લીધું.
- ફેલ્પસ એ તેના ઓલિમ્પિક ઇતિહાસમાં ૧૮ ગોલ્ડ સહીત ૨૨ મેડલ મેળવ્યા છે.

પ્રશ્નો :

(૧) નેશનલ ડોક્ટર્સ ડે ક્યારે મનાવાય છે ?
- ૧ જુલાઇ

(૨) કયા મહાનુભાવના માનમાં ભારત સરકાર દ્વારા નેશનલ ડૉક્ટર્સ ડે મનાવાય છે ?
- ડૉ. બિધાનચંદ રોય

(૩) નેશનલ ડૉક્ટર્સ ડે ક્યારથી મનાવાય છે ?
- ૧૯૯૧

(૪) ડૉ. બિધાનચંદ્ર રોયને ભારત સરકાર દ્વારા ક્યારે 'ભારત રત્ન' થી નવાજવામાં આવ્યા હતા ?
- ૪ ફેબ્રુઆરી ૧૯૬૧

(૫) ડૉ. બિધાનચંદ રોય ક્યા રાજ્યના બીજા મુખ્યમંત્રી બન્યા હતા ?
- પશ્ચિમ બંગાળ

(૬) ICAI નું પુરૂ નામ લખો
- ઇન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટસ ઓફ ઇન્ડિયા

(૭) ની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૧ જુલાઇ ૧૯૪૯

(૮) ૧ જુલાઇના રોજ નેશનલ ડૉક્ટર્સ ડે ઉપરાંત કયો દિવસ મનાવવામાં આવે છે ?
- નેશનલ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ડે.

(૯) તાજેતરમાં કયાં મુળ ભારતીયની લંડનના ડેપ્યુટી મેયર પદે નિમણૂંક કરાઇ ?
- રાજેશ અગ્રવાલ

(૧૦) લંડનના મેયરનું નામ જણાવો ?
- સાદિક ખાન

(૧૧) માઇકલ ફેલ્પ્સ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- સ્વિમિંગ

(૧૨) ઓલિમ્પિક્સમાં સતત પાંચમી વખત ક્વોલિફાય કરનાર સ્વિમર અને તેનો દેશ ?
- માઇકલ ફેલ્પ્સ, અમેરિકા

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧